# રાજકોટ મહાનગરપાલિકા

ડો. આંબેડકર ભવન, ઢેબરભાઈ રોડ, રાજકોટ – ૩૬૦ ૦૦૧

-: અખબારી યાદી :-

# નાકરાવાડી લેન્ડ ફીલ સાઈટ ખાતે વેસ્ટ પ્રોસેસિંગની કામગીરીની સમીક્ષા કરતા મ્યુનિ. કમિશનરશ્રી અમિત અરોરા

## ૪ મેગાવોટ લેન્ડ માઉન્ટેડ સોલાર પાવર પ્લાન્ટનાં આયોજન અંગે પણ ચર્ચા કરી

તા. ૨૦-૦૭-૨૦૨૧







રાજકોટ મહાનગરપાલિકાના કમિશનર શ્રી અમિત અરોરાએ આજરોજ તા. ૨૦-૦૭-૨૦૨૧ના રોજ સવારે નાકરાવાડી લેન્ડ ફીલ સાઈટની મુલાકાત કરી હતી, અને આ સાઈટ ખાતે વેસ્ટ પ્રોસેસિંગની ચાલી રહેલી કામગીરીની સમીક્ષા કરી હતી. તદઉપરાંત લેન્ડ ફીલ સાઈટ સેલ-૧ અને સેલ-૨ ની કામગીરી પણ નિહાળી હતી. સાથોસાથ કમિશનરશ્રીએ જુની સાઈટ સોખડાની વિઝિટ પણ કરી હતી.

નાકરાવાડી ખાતે વેસ્ટ ટુ એનર્જી પ્લાન્ટ બનાવવાની કામગીરી ચાલી રહી છે. આ પ્લાન્ટની કામગીરી ઝડપભેર પૂર્ણ કરવા કમિશનરશ્રીએ અધિકારીશ્રીઓને સૂચના આપી હતી. દરમ્યાન રાજકોટ મહાનગરપાલિકાએ રોશની વિભાગ લગત મેગાવોટ સ્કેલના સોલાર પાવર પ્લાન્ટ માટે ચર્ચા કરી હતી, અને સોખડા ખાતે પણ આ કામે વિઝીટ કરેલ હતી. રાજકોટ મહાનગરપાલિકાએ ૪ મેગાવોટ લેન્ડ માઉન્ટેડ સોલાર પાવર પ્લાન્ટ મૂકવાનું આયોજન કરેલ છે. આ વર્ષના નાણાકીય બજેટમાં આ કામે રૂપિયા ૧૮ કરોડની જોગવાઈ પણ કરવામાં આવેલ છે.

આજે મ્યુનિ. કમિશનર શ્રી અમિત અરોરાએ લીધેલી ઉપરોક્ત સાઈટ વિઝિટ દરમ્યાન ડેપ્યુટી કમિશનર શ્રી એ.આર.સિંધ, પર્યાવરણ ઈજનેર શ્રી નિલેશભાઈ પરમાર, એડી. સિટી એન્જી. શ્રી બી.ડી.જીવાણી, ડેપ્યુટી એન્જિનિયર શ્રી અંબેશ દવે અને શ્રી આર.વી.જલુ, પી.એ.(ટેક) ટુ કમિશનર શ્રી રસિક રૈયાણી હાજર રહયા હતાં.

**(જન સંપર્ક અધિકારી)**
**રાજકોટ મહાનગરપાલિકા**